ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મસળી મસળી રાજકારણમાં ટૂંપેલા છે,*
*બેય, કોંગી ને ભાજપ ખાયકીમાં ખૂંપેલા છે,*
*છૂપેલા છે રૂસ્તમો, ધૂપેલા છે કમીશનોથી -*
*કોમ, કોની કરે ઉઘાડ, બધા ય લીંપેલા છે...*
*(સંસદમાં સામસામા આક્ષેપો)*

હાઈકુ

*'વગડે' બેઠા !*
*બાપુને નડે ગોત્ર !?*
*- કે ગોઠવણ ?!*
*(રાખ્યું મૌન...)*

*સુપ્રીમે પૂછ્યા -*
*કેન્દ્રને સાત સવાલ -*
*સણસણતા...*
*(ઉત્તરાખંડ...)*

### ચિંતન

**ધરણી પતિતં તોયં । ચાતકાનામ્ રુજાકરમ ॥**

જમીન પર પડતું વરસાદનું પાણી ચાતક પક્ષીને તો પીડા પહોંચાડનારું લાગે છે...!! (જમીનનું પાણી ચાતક માટે નિરર્થક છે.)

ખેડૂત બળબળતા ઉનાળાને વેઠ્યા બાદ, મેઘરાજાની રાહ જોવે છે. સમયસર વર્ષા આવી તો ઠીક છે, નહિં તો ખેડૂત સહિત સમગ્ર સૃષ્ટિ નિરાશ થઈ જાય છે. પશુ પંકી, સજીવ, વનસ્પતિ સૌ મેઘરાજાને ઝંખે છે. સૌ વરસાદ આવતા રાજીપો અનુભવે છે. સિવાય કે વર્ષાની આતુરતાથી રાહ જોતું ચાતક!

ચાતક વિષે એવી માન્યતા છે કે આકાશમાંથી પડતાં ટીપાંથી જ પોતાની તરસ છિપાવે છે. તળાવ, સરોવરમાંથી એ પાણી પીતું નથી. ચાતક માટે તો વરસાદ ના ટીપાં જમીન પર પડે અને જમીનને તરબોળ કરે તે પીડા પહોંચાડનારું બને છે. ચાતક માટે એ પાણી નિરુપયોગી છે.

જીવનમાં કોઈ પણ તક યોગ્ય સમયે - યોગ્ય પાત્ર ને મળે તો જ તે સાર્થક બને છે રણમાં કે જંગલમાં પથ્થરાળ ડુંગરમાં પડેલો વરસાદ જેમ નિરર્થક છે. તેમ સમય ચૂકે મળેલી તક નકામી છે. વર્ષાનું બિંદુ યોગ્ય સમયે - ચાતકની ચાંચમાં જ પડવું જોઈએ.

### સુવિચાર

- તુ જીત વગરનો થા, ને હાર વગરનો થા, હળવા જો થાવું હોય તો છે એક રસ્તો,
  આધાર કોઈનો થઈ તું ભાર વગરનો થઈ જા - **રક્ષા શુક્લ**
- આરંભ કઠિન હોય તો જ અંત મધુર બને - **એસ. ભટ્ટાચાર્ય**
- જેણે પોતાનું મન શુદ્ધ કર્યું છે તે શક્તિનું કેન્દ્ર આપોઆપ બની જાય છે - **અખંડ આનંદ**
- ઉપકારીને ઉપકારી માનવો સહજતા, સહકારીને ઉપકારી માનવો સરળતા,
  અને અપકારીને ઉપકારી માનવો સરસતા છે - **સુભાષિત**
- જીવનમાં સારા વિચારો માત્ર થી નહીં ચાલે,
  પરંતુ સારા વિચારોના અમલ થકી માનવતા મહેંકે - **સ્નેહલ ભટ્ટ**
- ભીતરમાં સત્ય તરફ સરકવું એનું નામ સત્સંગ થશે,
  તો આપણા કર્મ પણ કયારેય ખોટા નહીં થાય - **ચંદ્રકાન્ત શાહ**
- આજનું ઔષધ : સફેદ કાંદાને પીસી તેમાં દહીં મેળવીને ખાવાથી એસિડીટી મટે છે.**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

મહર્ષિ રમણ નાના હતા ત્યારથી, તિરુવન્ના મલાઈ શહેરમાં બાજુમાં આવેલી વિરૂપાક્ષી ગુફામાં તપ કર્યું - માત્ર કૌપીન પહેરતા - મૌન રહેતા.

તેમનામાં દિવસે દિવસે દિવ્યતા આવવા લાગી. સાધુ-સંતો પણ આવવા લાગ્યા. એ સ્થળ આશ્રમ થઈ ગયો. મૌન વચ્ચે જે કંઈ બોલતા તે દિવ્ય ભવિષ્યવાણી બની જતી.

એકવાર એમના શિષ્ય રામનાથ બ્રહ્મચારીએ કહ્યું મહર્ષિજી! મેં સ્વપ્ન જોયું - ભારત માતા ને સ્વતંત્રતા તો મળી, પણ એમની આંખમાં અશ્રુ હતા એનુ શું કારણ?

મહર્ષિ કહે, તમારી વાત સાચી છે. ભારતની એક આંખમાં સ્વતંત્ર્યના હર્ષના આંસુ છે પણ બીજી આંખમાં વિભાજનનું દુ:ખ છે અને આ વિભાજન માત્ર દેશમાં ટુકડાનું નથી ધર્મ-જાતિ અને રાષ્ટ્રીય ભાવના - સંકુચિત રાજયવારની ભાવના માનવતા અને ભાઈચારાના પણ ભાગલા થશે અને દુ:ખ 'ભારતમાતા'ની આંખમાં દેખાય છે. રમણ મહર્ષિનું દિવ્યજ્ઞાન આજે કેટલું યથાર્થ અને સત્યસ્પર્શી બન્યું છે?!

## હેલિકોપ્ટર ડીલમાં નવી 'બોફોર્સ' શોધતું ભાજપ

બજેટ સત્રના ઉત્તરાર્ધમાં સંસદ ફરી એક વાર નવા ઊહાપોહની સાક્ષી બની રહી છે. ઉત્તરાખંડ મુદ્દે કોંગ્રેસ પાસે શાસક પક્ષ વિરુદ્ધ ધારદાર શસ્ત્ર આવી ગયું હતું, પરંતુ આખો કેસ 'સબજ્યુડિસ' હોવાનો ટૂંકોટચ જવાબ કોંગ્રેસને સ્વાભાવિક રીતે જ મૂંઝવી રહ્યો છે. વળી આ મુદ્દે ઘેરાયેલી મોદી સરકારને ઑગસ્ટા વૅસ્ટલૅન્ડ હેલિકોપ્ટર ખરીદી કૌભાંડમાં ઈટાલીની અપીલ કોર્ટમાં ચુકાદામાં તત્કાલીન એર ચીફ માર્શલ એસ.પી. ત્યાગીને લાંચ ચુકવાઈ હોવાનો ખુલાસો હુકમનો એક્કા જેવો નીવડ્યો છે. ત્યાગી વિશેના પ્રકરણમાં અદાલતે ચાર વખત 'સિગ્નોરા ગાંધી' નો અને બે વખત મનમોહનસિંહના નામનો ઉલ્લેખ કર્યો છે. 'સિગ્નોરા' એટલે 'મહોદયા.' આવા માનવાચક ઉલ્લેખમાં આ સોદા પાછળ સોનિયા ગાંધીએ ખૂબ રસ લીધો હોવાની સ્પષ્ટતા ઉમેરાતાં કોંગ્રેસ વર્તુળો રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયાં છે. આ સોદામાં ભ્રષ્ટચાર થયો હોવાનું યુપીએ સરકારના સ્વચ્છ સંરક્ષણ મંત્રી એન્ટોનીએ જાહેર નિવેદન કર્યુ હતું. સોદો રદ થયો હતો. સીબીઆઈ તપાસ પછી જ સોદો રદ કરાયો હતો. ઈટાલીમાં લાંચ આપનારાઓને દોષિત ઠેરવાયા છે અને એમને અદાલતે સજા પણ સંભળાવી છે. સ્વાભાવિક છે કે ભારતમાં લાંચ લેનારાઓ સામે પૂરતી તપાસ થવી જોઈએ અને એમને સખત સજા થવી જોઈએ. લાંચ એકલા એર ચીફ માર્શલ લે એ વાતમાં માલ નથી. નિવૃત્ત એર ચીફ માર્શલ કહે છે કે જો હું દોષિત હોઉં તો તત્કાલીન યુપીએ સરકાર પણ દોષિત ગણાવી જોઈએ. સોદાના નિર્ણયો હવાઈદળની ઑફિસોમાં નથી લેવાયા, એવા નિર્ણયો સરકાર સ્તરે થતા હોય છે. હેલિકોપ્ટર સોદામાં કોંગ્રેસનાં મોટા માથાં સંડોવાયાં હોવાની શંકોન એથી બળ મળે છે. હવે એ કંપની બ્લેકલિસ્ટ થઈ ગયા પછી મોદી સરકાર એની સાથે સંરક્ષણ કરારો કરી રહી છે, એ વળી કિન્નાખોરીની કૂટનીતિ છે. કોંગ્રેસી નેતાઓની દલીલ છે કે ઈટાલીના પ્રવાસ દરમિયાન વડાપ્રધાને ઈટાલિયન મરીન્સ મુદ્દે ઈટાલીના વડાપ્રધાન સાથે સાંઠગાંઠ રચીને સોનિયા ગાંધીને ફસાવવાનું કાવતરું કર્યુ છે. મોદીના પરમ સમર્થક અને તાજેતરમાં રાજયસભામાં નિયુક્ત થયેલાં સાંસદ સુબ્રહ્મણ્ય સ્વામીએ સાંસદ તરીકે શપથ લીધા પછી રાજયસભામાં પહેલો જ પ્રશ્ન આ ચોપર કૌભાંડનો ઉઠાવ્યો અને એ લાંચની રકમ સોનિયા ગાંધીને ચુકવાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. દેખીતી રીતે જ કોંગ્રેસ માટે આ આક્ષેપો સામે ઝીંક ઝીલવાનું કામ કપરું છે. કદાચ લાંચ ગાંધી' સામે આ વધુ મોટું હથિયાર ઈટાલીની જ કોર્ટે આપી દીધું છે. ઑસ્કાર ફર્નાન્ડિઝ અને અહમદ પટેલથી લઈ પ્રણવ મુખરજી સુધીનાં નામો ચર્ચામાં હોઈ ભાજપ માટે આ ચુકાદો કોંગ્રેસ સામે ઉગામવાની નવી 'બોફોર્સ' તોપ નીવડે એવી સંભાવના નકારી શકાય એમ નથી.

### તંત્રીસ્થાનેથી...

એકલા ત્યાગીએ જ લીધી હોય તો પણ પ્રજા તો એમાં યુપીએ સરકારની સંડોવણી માનીને જ ચાલશે. મોદીએ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવાની પ્રતીજ્ઞા લીધી છે અને સ્વામી જેવા સાથીઓ મારફત તેઓ ગાંધી પરિવાર વિરુદ્ધ કેસો કરાવતા રહ્યા છે. નેશનલ હેરાલ્ડ કેસ હજી ઊભો જ છે ત્યાં ઈટાલીનાં મૂળ વતનની 'સિગ્નોરા સોનિયા ગાંધી ભલે પોતે કોઈથી ડરતાં નથી એવું કહેતા હોય પરંતુ એવું કહેતી વખતે એમના ચહેરા પર જે ગ્લાનિ વરતાતી હતી તે સૂચક છે. માની લઈએ કે ત્યાગી સહિત તમામ સામેના આક્ષેપો ખોટા જ હોય તો પણ કોર્ટનાં નિરીક્ષણ હોઈ એ પ્રજામાનસ પર તો પ્રભાવ પાડવાનાં જ છે.





શિવાની હસતા હસતા, ગોઠામનુ ખાતા બોલી અરે બા બા...સાંભળો અરે મજા આવી ગઈ. ગાંધીનગરમાં બનેલી સાચી હકીકત અને બ્લડ બેંક વાળાએ કીધેલી સાચી વાત...

રાતના ૧:૩૦ વાગે સીતાબેન રબારીને પ્રસુતિની પીડા ઉપડી. સાદરાથી મારતા ઘોડે ગાંધીનગરના એક જાણીતા gyenecologist (સ્ત્રીરોગના નિષ્ણાત)ને ત્યાં લઈ આવ્યા. ચાલુ વરસાદ, વીજળીના ચમકારા, ચારે કોર ભયંકર કડાકા - ભડાકા, રોડની લાઈટ બંધ, ચારે કોર પાણી પાણી. હવે આ રબારીબેનનું શું થાય? સીતાબેન તો રાડો પાડે અરે ડૉક્ટર મને જલ્દી છોડવો, મને બચાવો... આવી ભૂલ કદી નહિ કરું. ડૉક્તર સાહેબે સીતાબેનને શાંતિ રાખવા કહ્યું , બધું સરસ થઈ જશે. લેબોરેટરીમાંથી લોહી ટેસ્ટ માટે માણસ આવે છે, લોહીના ટકા ખબર પડે એની સાથે નક્કી થાય કે હવે આગળ શું કરવું. પાણી ખુબ વહી ગયું છે એટલે અડધો કલાકમાં જ નક્કી કરવું પડસે કે નોર્મલ ડિલીવરી કરવી કે ઓપરેશન કરીને બાળક લેવું પડશે. અડધો કલાક પછી ડૉક્ટર નિદાન કર્યું, સીતાબેનના લોહી ના ટકા પાંચ છે અને લોહી નું ગ્રુપ "O" અને Rh - Negative છે. અને સિઝેરિયન કરવું પડશે. બા મજા એ વાતની હવે છે કે બ્લડ બેંક માં "O" Negative નું બ્લડ ન હતું ને તાત્કાલિક લોહીની જરૂર હતી. સીતાબેનની જોડે તેમનો રબારી જશુભાઈ આવ્યો હતો, સાથે ૨-૩ મિત્રો પણ આવ્યા હતા. ડૉકટર સાહેબે બધાના લોહીની તપાસ કરાવી. બધાના આશ્ચર્ય વચ્ચે એમના પતિનું ગ્રુપ "O" Negative હતું. બા કેવી આનદની વાત છે પતિ ને પત્નીનું ગ્રુપ એક જ હોય. બીજો કોઈ પતિ હોય તો પોતાની પત્નીને લોહી આપવા તરત જ તૈયાર થઈ ગયો હોય. પણ આ સીતાબેનના પતિ જશુભાઈ રબારી એ કહ્યું સાહેબ, મારું બધું લઈ લો પણ લોહીના આલું. બ્લડ બેંક વાળા ડૉક્ટર કહ્યું - કેમ?? ભાઈ ચારે બાજુ વરસાદ છે, અડધી રાત છે, બીજા રકતદાતાને આવતા વાર લાગે ને તારી પત્ની અને બાળકનો જીવ જોખમમાં છે. માટે કઈ પણ વિચાર્યા વગર રક્તદાન કરી દો. જશુંભાઈ તો ઉભો થઈ ગયો...ના...ના... હું તો ના આલુ. ડૉકટર બોલ્યા કે તમને ડર લાગે છે ભાઈ?? બીક ના રાખો, આમાં કઈ ના થાય. લોહી તો અમારે લેવાનું છે તમને કઈ નહિ થાય.

ના...ના... સાહેબ લોહી તો નહિ જ... ડૉકટર એ કહ્યું કેમ?? અરે સાહેબ આટલું પણ સમજતા નથી. મારું લોહી મારી બૈરીમાં જાય તો પછી એ મારી બૈરી ના રહે. ડૉક્ટર એ

## રક્તદાન કોણ કરી શકે?

કહ્યું અલ્યા, કેવી રીતે?? મારું લોહી એના શરીરમાં જાય તો એ મારી બુન થઈ જાય. એ મારી બૈરી છે બુન નહિ. ડૉક્ટર અકળાયા એમને લાગ્યું કે આને તો સીધો કરવોજ પડશે. એમને ડૉનર ફોર્મ પર સહી કરાવી દીધી અને કહ્યું કે તમારા લોહીનું ગ્રુપ સારુ હોવાથી અમને ટેસ્ટ માટે થોડો નમુનો જોવે છે તો અમને મદદ કરો ને લોહી લેવા દો. એમ કરીને આખી બોટલ ભરી લીધી. પછી જશું ને ખબર પડી. ડૉક્ટર હું તમને જોઈ લઈશ, તમે ચોરીથી મારું લોહી કાઢી લીધું છે. ડૉક્ટર એ કહ્યું કે તે જાતે જ અંગુઠો મારીને લોહી આપ્યું છે. દવાખાનામાંથી ફોન પેર ફોન આવતા હતા. તાત્કાલિકના ધોરણે લોહીના બધા ટેસ્ટ કાર્ય H.I.V., HbsAg, HCV, VDRL, મેલેરીયા જેવાય અને ક્રોસ મેચિંગ-મેજર અને માઈનોર કાર્યને સીતાબેનને ત્યાં દીકરાનો જનમ થયો. અને કોઈ ડાહયા માણસે જશું ને સમજાવ્યો, કે ભાઈ લોહી આપ્યે તારી બૈરી તારી બુનના બને. બીજા દિવસે જશું ઠંડો પડ્યોને ડૉક્ટરની માફી માંગી આવ્યો. બા મજા આવી કે ??? આ તદન સાચી વાત છે.



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

કહેવાનો મતલબ એટલો કે રક્તદાન ની જરૂરિયાત અત્યારે અપણા સમાજ માં બહુ છે. માટે શક્ય તેટલું વધારે, નિયમિત રક્તદાન કરવું જોવે. રક્તદાન કોણ કરી શકે?

- ઉંમર ૧૮ થી ૬૫ વર્ષ
- કોઈ મોટી બીમારી ના હોય
- વજન ૪૫ કેજીથી વધારે
- BPની તકલીફ કે ડાયાબીટીસ ના હોય
- બહેનો માટે - માસિક માં ના હોય ત્યારે અને બાળક ને ધાવણ ના આપતા હોય ત્યારે.
- લોહીના ટકા ૧૨.૫ થી વધારે હોવા જોવે
- કોઈ પણ જંતુનો ચેપ ના લાગ્યો હોય
- શરીર નું તાપમાન નોર્મલ હોય.
- પલ્સ ૬૦ થી ૧૦૦ ની વચ્ચે

અનુસંધાન પાના નં. ૭ પર

## તાજમહાલની ઐતિહાસિક ઈમારતને શાનાથી નુકશાન થવાનો સૌથી વધુ ભય છે?

### વિજ્ઞાન જગત

(૧) કયા રોગમાં બાળકનું પેટ ફૂલી જાય છે?
(અ) ક્વાશિયોકોર (બ) પોલીયો
(ક) ડિપ્થેરિયા (ડ) ડાયેરીયા

(૨) તાજમહાલની ઐતિહાસિક ઈમારતને શાનાથી નુકશાન થવાનો સૌથી વધુ ભય છે?
(અ) ધરતીકંપ (બ) કલાયમેટ ચેન્જ
(ક) એસીડવર્ષા (ડ) હીટ વેવ

(૩) નીચેનામાંથી કયો ગ્રહ નરી આંખે જોઈ શકાય છે?
(અ) યુરેનસ (બ) નેપ્ચ્યુન
(ક) પ્લુટો (ડ) શનિ

(૪) હેલીનો ધૂમકેતુ છેલ્લે કયારે દેખાતો હતો?
(અ) ૧૯૮૪ (બ) ૧૯૮૬
(ક) ૧૯૯૦ (ડ) ૧૯૯૨

(૫) ઉત્ક્રાન્તિવાદનો સિદ્ધાંત કોણે આપ્યો હતો?
(અ) ગેલેલીયો (બ) ન્યુટને
(ક) ડાર્વિને (ડ) આલ્બર્ટ આઈન્સ્ટાઈને

(૬) સવારે મેઘધનુષ્ય કઈ દિશામાં જોવા મળે ?
(અ) પૂર્વ (બ) પશ્ચિમ
(ક) ઉત્તર (ડ) દક્ષિણ

(૭) આનુવંશિકતાના પિતા તરીકે કોમ ઓળખાય છે?
(અ) સ્ટીવન વર્ગ (બ) ગ્રેગર જહોન મેન્ડલે
(ક) ડાર્વિન (ડ) એરિક ડ્રેક્સલર

(૮) કઈ ધાતુ પ્રવાહી સ્વરુપે હોય છે?
(અ) પારો (બ) સોડિયમ
(ક) લિથીયમ (ડ) બેરિયમ

(૯) હાઈડ્રોજન વાયુની શોધ કોણે કરી?
(અ) રોબર્ટ બાઉલ (બ) કર્વાન્ડિશ
(ક) રોબર્ટ કોચ (ડ) મેરી ક્યુરી

(૧૦) સિફીલીસ કયાં અંગને પ્રભાવિત કરે છે?
(અ) હાડકાં (બ) ત્વચા
(ક) મોહિન્દર અમરનાથ (ડ) દિલીપ વેંસરકર

(૧૧)ઓસ્ટ્રીયોમલેશિયા રોગ કયા અંગને પ્રભાવિત કરે છે?
(અ) હાડકાં (બ) ત્વચા
(ક) જઠર (ડ) કીડની

(૧૨) લાયનેક નામના વૈજ્ઞાનિકે શાની શોધ કરી?
(અ) બેરોમીટર (બ) થર્મોમીટર
(ક) થેસોસ્કોપ (ડ) હાઈગ્રોમીટર

(૧૩) દુનિયાનું સૌથી તેજ ઉડનાર પક્ષી કયું છે?
(અ) સમડી (બ) ઓસ્ટ્રેલિયન ક્રેન
(ક) ગરુડ (ડ) બાજ

(૧૪) નિક્સ ઓલમ્પિયા કયા ગ્રહ ઉપરનો પર્વત છે?
(અ) બુધ (બ) મંગળ
(ક) પૃથ્વી (ડ) ગુરુ

(૧૫) દરિયાની ઊંડાઈ માપવા કયો એકમ વપરાય છે?
(અ) મીટર (બ) કિ.મી.
(ક) ફેધમ (ડ) માઈલ



ખજાનો
અનિલ પટેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

| | |
|---|---|
| ૨૯ એપ્રિલ ૧૬૬૭ | જહોન અર્બુન્થનોટ : સ્કોટીસ ભૌતિકશાસ્ત્રી અને ગણીતશાસ્ત્રી. સ્ત્રી અને પુરુષના જન્મ સંદર્ભે પણ અભ્યાસ કરનાર |
| ૨૯ એપ્રિલ ૧૮૫૪ | હેનરી પોઈનકેર : ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી તથા ખગોળશાસ્ત્રી, થ્રી ડાઈમેન્શનલ પર વિશેષ સંશોધન કરનાર |
| ૩૦ એપ્રિલ ૧૮૩૪ | જહોન લૂર્બોક : ઈંગ્લીશ બેન્કર પોલીટીશીયન, નેચરાલીસ્ટ અને આર્ચીયોલોજીસ્ટ 'મેક્સ-ઓક્સ' નામના અવશેષો શોધનાર |
| ૩૦ એપ્રિલ ૧૭૭૭ | ચાર્લ્સ ફ્રિન્ડરીચ ગુસ : જર્મન ગણીતશાસ્ત્રી. મેગ્નેટીઝમ અને ઈલેક્ટ્રીસીટીની ગણતરીઓમાં મોટું યોગદાન આપનાર |
| ૧ મે ૧૮૩૯ | કોમ્ટે હિલરીઝ ચાર્ડોનટ : ફ્રેન્ચ કેમીસ્ટ, સૌ પ્રથમ રેયોન બનાવનાર ઉદ્યોગપતિ |
| ૧ મે ૧૮૨૫ | જહોન જેકોબ બેલમોર : સ્વીઝ ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી, બેઝીક એટોમીક થિયરી આપનાર |
| ૨ મે ૧૮૬૬ | જેસી વિલિયમ લેન્ઝર : અમેરીકન તબીબ અને બેકટેરીયોલોજીસ્ટ, માખીઓ દ્વારા થતા રોગો પર સંશોધન કરનાર |
| ૨ મે ૧૮૬૦ | સર વિલિયમ બાયલિસ : ઈંગ્લીશ ફીઝીઓલોજીસ્ટ હોર્મોન્સની શોધ કરનાર સહાયક વૈજ્ઞાનિક |
| ૩ મે ૧૮૭૪ | વર્લ્ડ ફ્રીલ્ડ એકમાન : સ્વીડનના સમુદ્ર વૈજ્ઞાનિક, સમુદ્રી પ્રવાહો પર સંશોધન કરનાર |
| ૩ મે ૧૮૬૦ | જહોન સ્કોટ હેલ્ડેન : સ્કોટીસ ફીઝીયોલોજીસ્ટ અને ફિલોસોફર. માનવ શ્વસનતંત્ર સંબંધિત સંશોધન કરનાર |
| ૪ મે ૧૮૨૮ | થોમસ હેનરી હકસલે : ઈંગ્લીશ બાયોલોજીસ્ટ. મરીન બાયોલોજી પર સંશોધન કરનાર |
| ૪ મે ૧૮૦૬ | સર વિલિયમ ફોર્થગીલ કૂક : ઈંગ્લીશ સંશોધક ઈલેકટ્રીક ટેલીગ્રાફી ડેવલપ કરનાર |
| ૫ મે ૧૮૭૬ | જહોન ગાર્સ્ટંગ : ઈંગ્લીશ આર્કીઓલોજીસ્ટ, એશિયા માઈનોર અને પેલેસ્ટાઈન સંસ્કૃતિનો અભ્યાસ કરનાર |
| ૫ મે ૧૮૬૧ | પીટર કૂકર હેવીટ્ટ : અમેરીકન ઈલેકટ્રીકલ એન્જીનીયર મર્ક્યુરી વેપર લેમ્પ શોધનાર, આ લેમ્પ ફ્લુરોસન્ટ લેમ્પ તરીકે જાણીતો થયો. |

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ગુજરાતના કયા ખ્યાતનામ લોકસાહિત્યકારને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા ? જવાબ : ભીખુદાન ગઢવી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

**(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સા.કોલેજ (૫) ભરતભાઈ ડી. વાઘેલા : રાયસણ (૬) ધીરુભાઈ કોબાવાલા : કોબા**

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ કયારે ઉજવાય છે? આ દિવસની શરુઆત કયા વડાપ્રધાને કરી હતી ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) ડ (૪) બ (૫) ક (૬) બ (૭) બ (૮) અ (૯) બ (૧૦) ડ (૧૧) અ (૧૨) ક (૧૩) ડ (૧૪) બ (૧૫) ક

## અનિરુદ્ધ હરણકથા



મહાત્મા બલિએ વામન સ્વરુપ શ્રીહરિને પૃથ્વી દાનમાં આપી દીધી હતી. આ બલિનો સો પુત્ર હતા. તેમાં સૌથી મોટો અને ઔરસપુત્ર બાણ હતો. આ શિવભક્ત બાણાસુર પોતાની નગરી શોણિતપુરમાં પોતાના ઉમદા સ્વભાવને કારણે લોકચાહના ધરાવતો હતો.

એકવાર તેણે શિવજીને પ્રણામ કર્યા અને વિનંતી કરી કે મને યુદ્ધની લાલસા છે. એનો ઉપાય કરો. શિવજીએ તેને ખાતરી આપી કે તેને મારા જેવો જ યોદ્ધો ભવિષ્યમાં મળી રહેશે. બાણાસુર એ દિવસની પ્રતિક્ષા કરવા લાગ્યો.

આ બાણાસુરને ઉષા નામે સુંદર પુત્રી હતી. ઉષા એ સ્વપ્નમાં એક પુરુષ જોયો; એ ખરેખર પ્રદ્યુમ્નનો પુત્ર અને શ્રીકૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ હતો. એના તરફ એ ઉત્કટ પ્રેમભાવ અનુભવવા લાગી. આ પહેલાં એના વિષે એને ન તો સાંભળ્યું હતુ કે એને જોયો ન હતો. સવારે ઊઠતાની સાથે જ ભ્રમણામાં એ બોલવા લાગી. કયાં છો હે પ્રિયતમ !' સખીઓની એની મશ્કરી કરવા લાગી. પરંતુ એમાં એક ચિત્રલેખા હતી, તે પરિસ્થિતિ પામી ગઈ. બાણાસુરના મંત્રી કુંભાડની એ પુત્રી હતી. તેણે આશ્ચર્ય સાથે હળવાશથી એને પુછ્યું - 'કોણ છે તારા મનમાં? કોને શોધી રહી છે તું?'



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ચિત્રલેખા એની આત્મીય સખી હતી. ઉષાએ તેને કહ્યું, 'સ્વપ્નમાં મને એક પુરુષ મળઅયો છે - શ્યામ વર્ણ, પીતાંબર ધારણ, દીર્ઘબાહુ, હૃદયમાં વસી જાય એવો, મને અધર પાન કરાવ્યું અને પછી મને શોકસાગરમાં ફેંકીને જતો રહ્યો.'

ચિત્રલેખાએ તેને આશ્વાસન આપ્યું, 'હું તારું સંકટ દૂર કરું છું. ત્રણેય લોકમાં ગમે ત્યાં હોય, તારું ચિત્ત હર્યું છે; તેને હાજર કરી દઈશ.' ચિત્રલેખા નામ જેવા ગુણ ધરાવે. ચિત્રો આબેહૂદ દોરે. એ યોગિની - યોગમાયા ધરાવતી હતી. એ ચિત્રો દોરતી ગઈ અને એને બતાવતી ગઈ - માણસ, માણસમાં યાદવ, યાદવમાં શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્નનું ચિત્ર જોઈને ઉષા સંકોચથી લજ્જિત થઈ. અને પછી અનિરુદ્ધનું ચિત્ર દોયું એ જોઈને મંદ સ્મિત સાથે કહ્યું, 'બસ આ જ છે આ જ.'

ચિત્રલેખા તો યોગિની હતી. એણે પારખી લીધું - 'આ તો દ્વારિકાના રક્ષક શ્રીકૃષ્ણના પૌત્ર અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ છે.' તે આકાશ માર્ગે દ્વારિકા પહોંચી. રાત્રિનો સમય હતો. અનિરુદ્ધ પલંગમાં સૂતો હતો. ચિત્રલેખાએ એને એજ સ્થિતિમાં પલંગ સાથે ઉઠાવ્યો અને શોણિતપુરમાં ઉષાના અંતઃપુરમાં લઈ આવી.

ઉષા ખૂબ પ્રસન્ન થઈ. આ સુંદર વર સાથે આનંદમાં રહેવા લાગી. એને નરોથી ગુપ્ત રાખ્યો હતો - કોઈને એની ખબર ન પડે. પરંતુ ચોકીદારો એ રાજાને સમાચાર આપ્યા - 'અમને કોઈ પુરુષ દેખાતો નથી; પરંતુ રાજકન્યાનું વર્તન કુળને કલંક લાગે તેવું છે.'

બાણ વ્યથિત થયો. તે અંતઃપુરમાં ઓચિંતો જ ધસી ગયો. તેણે જોયું કે ઉષાની સાથે અનિરુદ્ધ ચોપટ રમી રહ્યો છે. એના આદેશથી અનેક સૈનિકો ધસી આવ્યા. અનિરુદ્ધ ઊભો થયો અને હાથમાં લોખંડની ભોગળ લઈને તૂટી પડ્યો. પોતાના સૈન્યનો સંહાર જોઈને ગુસ્સે થયેલા બાણે એને નાગપાશથી બાંધી લીધો. ઉષાએ વિલાપ શરૂ કરી દીધો.

મહર્ષિ નારદ પાસેથી દ્વારિકામાં અનિરુદ્ધ - બંધનના સમાચાર મળ્યા. કૃષ્ણએ પોતાની સાથે શોણિતનગરી પર આક્રમણ કર્યું; બાણ ચારેય બાજુથી ઘેરાઈ ગયો. એટલે શિવજી પોતાના પુત્રો અને પાર્ષદો સાથે એની મદદે આવી ગયા. એને અને શ્રીકૃષ્ણ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. બંને સેનાઓ થાકતી ન હતી. અંતે શ્રીકૃષ્ણને હાથે બાણનું મૃત્યુ થયું; એવી બીક સાથે બાણની માતા કોટરા વાળ છૂટા કરીને અવસ્ત્ર સ્થિતિમાં ઊભી રહી. શ્રીકૃષ્ણ આડું ફરી ગયા; એટલે બાણ નાસી ગયો.

હવે શિવજીએ શ્રીકૃષ્ણને વિનંતી કરી. 'આ મારો પ્રિય ભક્ત છે; એને માફ કરો.' શ્રીકૃષ્ણે પણ કહ્યું 'આ તો મારા ભક્ત પ્રહ્લાદનો વારસ છે, બલિનો પુત્ર છે એને તો માફી જ હોય.' 'બાણે પણ પ્રણામ કર્યા. ઉષા અનિરુદ્ધનાં લગ્ન કરાવી આપ્યાં; સૌને પ્રેમથી દ્વારિકા વળાવ્યા અને વિધાય આપી.'

શ્રીમદ્ ભાગવતમાં (દશમો સ્કંધ-અધ્યાય ૬૨ અને ૬૩માં આ કથા આપેલી છે.